# રમેશની હોશિયારી

**– શાંતા નાગરાજન**

ઉનાળાની રજાઓની શરૂઆત થઈ ગઈ હતી. ૮ વર્ષનો હરીશ અને તેના ૨ મિત્રો ઘરમાં બેસીને કંટાળી ગયા હતા.

ત્યારે હરીશનો પાડોશી મિત્ર ગુડુ ત્યાં આવ્યો. તેણે ત્રણેયને ઉદાસ જોઈને કહ્યું, ‘‘મિત્રો, ઉનાળાની રજાઓની શરૂઆત થઈ ગઈ છે અને તમે બધા ઘરમાં બેઠા છો. તમને ખબર છે શહેરમાં મેળો લાગ્યો છે. હું તે જોવા જઈ રહ્યો છું. શું તમે બધા આવશો મારી સાથે ?’’

‘‘મેળો....કઈ જગ્યાએ?’’ હરીશે પૂછ્યું.

‘‘મ્યુનિસિપાલિટીના મેદાનમાં. મારા પપ્પા મારી રાહ જોઈ રહ્યા છે.’’ ગુડુ બોલ્યો. ‘‘હા, અમે પણ આવીશું.’’ ત્રણેએ એકસાથે કહ્યું.

પછી સ્વચ્છ કપડાં પહેરીને અને ખિસ્સામાં થોડાક પૈસા મૂકીને ત્રણેય મિત્રો મેળામાં જવા માટે તૈયાર થઈ ગયા.

થોડીવારમાં તેઓ ગુડુ સાથે મેળો જોવા જતા રહ્યા. ગુડુને મેળા સુધી પહોંચવાના રસ્તાની ખબર હતી. એટલે હરીશ અને ઉમેશે તેનો હાથ પકડી લીધો. તે ત્રણેય હસીમજાક કરતાકરતા આગળ ચાલતા હતા. રમેશ તેમની પાછળ હતો.

‘‘ઓહ, હું થાકી ગયો. આપણે તો ક્યારના પગપાળા ચાલી રહ્યા છીએ.’’ ઉમેશ બોલ્યો.

પછી નદી પાર કરીને સાંકડી કાદવવાળી ગલીઓમાંથી પસાર થઈને તે ચારેય મેળામાં પહોંચ્યા.

મેળામાં ગુડુએ પોતાના પપ્પાને જોઈને તે ત્રણેયને કહ્યું, ‘‘હું પપ્પા પાસે જઈ રહ્યો છું. તમે ત્રણેય જાતે ઘરે જતા રહેજો.’’

અને પછી તે દોડીને તેના પપ્પા પાસે જતો રહ્યો.

થોડી વાર પછી હરીશ, ઉમેશ અને રમેશ મેળો જોઈને બહાર નીકળ્યા.

ઉમેશ અને હરીશ રસ્તા જોઈને ગભરાઈ ગયા. તેમની સામે બે રસ્તા હતા, પણ તે બંનેને એ તો ખબર જ નહોતી કે ક્યાંથી જવાનું છે.

રમેશ તેમની પાછળ ઊભો રહીને તેમને જોઈ રહ્યો હતો. અચાનક તે ખડખડાટ હસવા લાગ્યો.

હરીશ અને ઉમેશે તેની સામે એકીટશે જોઈને કહ્યું, ''રમેશ, તું કેમ હસી રહ્યો છે ? અમને ઘરે જવાનો રસ્તો ખબર નથી. હવે આપણે ઘરે કેવી રીતે જઈશું?''

''અરે, તમે બંને ચિંતા ન કરો. મને રસ્તાની ખબર છે. આવો, મારી સાથે આવો.'' રમેશ બોલ્યો.

રમેશની વાત સાંભળીને બંને આશ્ચર્યચકિત થઈ ગયા, પણ તેની વાત માનીને તેઓ તેની સાથે ચાલવા લાગ્યા.

રમેશે પોતાના ખિસ્સામાંથી એક ડાયરી કાઢી પછી તે એક ઓટોરિક્ષા વાળા પાસે ગયો અને



કહ્યું, ''અંકલ, અજંતા થિયેટરનો રસ્તો કઈ બાજુ છે?''

''અહીંથી સીધા જઈને પહેલી ગલીમાં વળી જજો.'' ઓટોરિક્ષા વાળા અંકલે કહ્યું.

થોડીવાર પછી હરીશે ચીસ પાડીને કહ્યું, ''જુઓ, પેલું રહ્યું અજંતા થિયેટર, પણ તું અમને અહીં કેમ લાવ્યો છે ?''

પરંતુ રમેશે કંઈ જ ન કહ્યું. તેણે તેની ડાયરી ફરી કાઢી. નજીકમાં ઊભા કેટલાંક બાળકોને જવાહર હોસ્પિટલનો રસ્તો પૂછ્યો અને આ રીતે તેઓ આગળ વધતા રહ્યા.

થોડી વાર પછી તેમને એક નદી દેખાઈ. ઉમેશ અને હરીશ ખુશ થઈને રમેશને ભેટી પડયા.

''રમેશ, અમને પણ જણાવ. તને આ રસ્તો કેવી રીતે યાદ રહ્યો ?'' હરીશે રમેશને પૂછ્યું.

રમેશે હસીને કહ્યું, ''જ્યારે તમે ત્રણે વાતો કરી રહ્યા હતા, ત્યારે હું આ નવા રસ્તાને ખૂબ ધ્યાનથી જોઈ રહ્યો હતો. હું મારી સાથે એક ડાયરી લાવ્યો હતો. તે ડાયરીમાં મેં રસ્તામાં આવતા દરેક લેન્ડમાર્કને નોંધ્યા હતાં.''

''લેન્ડમાર્ક ? એ શું હોય છે ?'' ઉમેશે પૂછ્યું.

''મેં રસ્તામાં આવતી કેટલીક મોટી દુકાનો, હોસ્પિટલ, સ્કૂલ અને કોલેજનાં નામ લખી લીધાં હતાં. જેથી પાછા આવતી વખતે આપણે આ જગ્યાઓને જોઈને સહેલાઈથી પાછા આવી શકીએ. આ જ જગ્યાઓને લેન્ડમાર્ક કહેવાય છે. જેની મદદથી જ હું તમને અહીં સુધી લાવ્યો છું.'' રમેશે બોલ્યો.

રમેશની ચતુરાઈ જોઈને બંને મિત્ર આશ્ચર્યચકિત હતા. તેમણે રમેશને વચન આપ્યું કે ભવિષ્યમાં તેઓ પણ આ વાતોનું ધ્યાન રાખશે અને પોતાનો રસ્તો ક્યારેય નહીં ભૂલે.

પછી ત્રણે મિત્રો ત્યાંથી જતા રહ્યા.

■